તેજી હોય કે પછી મંદી,
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે
અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
ધી ઇકોનોમિક રેવલ્યૂશન
ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad
પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦
અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક
RNI NO. GUJGUJ/2012/48123
નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે

# નિર્મલ મેટ્રો

NIRMAL METRO
દૈનિક
Monday
08.10.2018
Year 06, Issue 249

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

● વર્ષ : ૬ ● અંક : ૨૪૯ ● તા.૦૮.૧૦.૨૦૧૮ સોમવાર ● ભાદરવા વદ ૧૪ ● સં. ૨૦૭૪ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

**કાશ્મીર ખીણમાં હજુ પણ સક્રિય છે ૩૦૦થી વધુ ત્રાસવાદીઓ**

# જમ્મુ કાશ્મીરમાં રક્તપાત સર્જવા ૨૫૦ ત્રાસવાદીઓ સુસજ્જ થયા

## જમ્મુ કાશ્મીરમાં આજથી ચાર ચરણમાં સ્થાનિક ચૂંટણીને લઈને સઘન સુરક્ષા વ્યવસ્થા : અનિચ્છનીય બનાવોને ટાળવા માટે સાવચેતીના પગલાઓ લેવાયા

એજન્સી દ્વારા
શ્રીનગર, તા. ૭

જમ્મુ કાશ્મીરમાં સ્થાનિક ચૂંટણીને રક્તરંજિત બનાવવાની તૈયારી આતંકવાદીઓ દ્વારા કરવામાં આવી હોવાના અહેવાલ મળી રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં ઘુસણખોરી કરવા માટે ૨૫૦થી પણ વધારે ત્રાસવાદીઓ સજ્જ થયા છે. સ્થાનિક ચૂંટણીના એક દિવસ પહેલા જ પાકિસ્તાન દ્વારા અંધાધૂંધી ફેલાવવા માટેના કાવતરાનો પર્દાફાશ થયો છે. સેનાના એક અધિકારીએ કહ્યું છે કે, ખીણમાં હજુ પણ ૩૦૦ ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે અને આશરે ૨૫૦ ત્રાસવાદી લોંચપેડ પર સરહદ પાર કરવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. કુપવારાના કેરન સેક્ટરમાં મિડિયા સાથે વાતચીત કરતા લેફ્ટી જનરલ એકે ભટ્ટે કહ્યું છે કે, કાશ્મીર ખીણમાં ૩૦૦થી પણ વધારે ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. સરહદ પારથી અને એલઓસી નજીક પાકિસ્તાની ટેરર લોંચપેડ પર ૨૫૦ ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. આ ત્રાસવાદીઓ જમ્મુ કાશ્મીરમાં ઘુસણખોરી કરીને આતંકવાદી ગતિવિધિને અંજામ આપી શકે છે. આ અહેવાલ આવ્યા બાદ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સેનાને એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યું છે. આતંકવાદીઓના ઈરાદાઓને નિષ્ફળ બનાવવા માટે સેના અને સુરક્ષા દલો તૈયાર છે. આતંકવાદી હુમલાની શંકાને ધ્યાનમાં લઈને આર્મી, પોલીસ સીઆરપીએફ સહિત તમામ સુરક્ષા દળોએ પોતાની સક્રિયતા વધારી દીધી છે. બીજી બાજુ પેટ્રોલિંગની પ્રક્રિયા તીવ્ર કરવામાં આવી છે.



ત્રાસવાદીઓને ખીણમાં ઘુસતા રોકવા આર્મીએ પોતાની તકેદારીને વધારી દીધી છે. જમ્મુ કાશ્મીરમાં આવતીકાલથી ચાર તબક્કામાં સ્થાનિક ચૂંટણીની શરૂઆત ઈ રહી છે. આને લઈને પણ સુરક્ષા વધારવામાં આવી રહી છે. ચૂંટણીને શાંતિપૂર્ણરીતે પાર પાડવા મોટા પડકારો ઉભા થયા છે. સુરક્ષા દળોને ચકાસણીની પ્રક્રિયા તીવ્ર કરવા કહેવામાં આવ્યું છે. વાહનોની ચકાસણીની સાથે સાથે શંકાસ્પદો ઉપર નજર રાખવા કહેવામાં આવ્યું છે. સુરક્ષાને મજબૂત કરવા માટે ચેકપોઈન્ટની સંખ્યા વધારવામાં આવી છે. ડોગ ટીમની પણ મદદ લેવામાં આવી રહી છે. નાની નાની ટુકડી બનાવીને શંકાસ્પદ વિસ્તારોમાં તપાસ ચાલી રહી છે. મોટાભાગના ઉમેદવારોને સુરક્ષિત સ્થળો ઉપર રાખવામાં આવ્યા છે. કેટલાકને ખાસ સુરક્ષા પણ આપવામાં આવી છે. ઓપરેશન મારફતે વિસ્તારમાં સુરક્ષિત રાખવાના પ્રયાસ થઈ રહ્યા છે. જવાનોની સંખ્યા વધારવામાં આવી છે. સ્થાનિક ચૂંટણીનો મહેબુબા મુફ્તીની પાર્ટી પીડીપી અને નેશનલ કોન્ફરન્સ દ્વારા બહિષ્કાર કરવામાં આવ્યો હોવા છતાં ચૂંટણીને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ચાર તબક્કામાં યોજાનારી સ્થાનિક ચૂંટણીને લઈને તંત્ર સામે મોટો પડકાર છે. જમ્મુ કાશ્મીરમાં હાલ ગવર્નર શાસન છે.



આ છે કોહિનૂર કરતાં પણ મોંઘો 'પથ્થર', રાતોરાત બનાવી દે છે કરોડપતિ, ખરેખર તો તે છે વ્હેલની આ ઉલટીની આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડો રૂપિયા કિંમત છે. આ પત્થરનો ઉપયોગ ખાસ કરીને મોટા બ્રાંડવાળા પરફ્યૂમ બનાવવામાં કરવામાં આવે છે.કોંકણ તટ પર વ્હેલ માછલીની ઉલટીથી બનેલા આ પત્થર શોધવામાં મહિનાથી વર્ષો સુધી રાહ જોવી પડે છે. છેલ્લા કેટલાક વર્ષોથી અહીં દરિયામાં વ્હેલ માછલી દેખાઈ હતી. જેના પર તસ્કરોની નજર પડતાં તેઓ સક્રિય થયા હતા. આ તસકરોના હાથમાં વ્હેલ માછલીની ઉલટીથી બનેલો ૧૧ કિલોનો પત્થર લાગ્યો જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજે ૨૨ કરોડ રૂપિયા થાય છે.વ્હેલ માછલીની ઉલટીને જ્યારે તે ગરમ કરવામાં આવે તો તે ઓગળી જાય છે અને તેલ બની જાય છે. શુદ્ધ એમ્બરને આગમાં નાખવાથી તે સુગંધિત ધૂમાડો છોડે છે. ચાવવાથી તે મીણ જેવું લાગે તથા મોઢું સુગંધિત થઈ જાય.

# ભાજપનાં વળતા પાણી, ત્રણ રાજ્યોમાં સત્તા પરિવર્તનની સંભાવના: સર્વે

## તમામ સર્વે એવું કહી રહ્યાં છે કે આ વખતે ભાજપને મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં મુશ્કેલીનો સામનો કરવો પડશે

**એજન્સી દ્વારા નવીદિલ્હી**

ચૂંટણી આયોગે શનિવારનાં રોજ પાંચ રાજ્યો મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરમમાં ચૂંટણી તારીખોની જાહેરાત કરી દીધી છે. છત્તીસગઢમાં બે ચરણ અને બાકી ચાર રાજ્યોમાં એક ચરણમાં જ મતદાન યોજાશે. ચૂંટણી આયોગનાં આ એલાન કરતાની સાથે પાંચ રાજ્યોમાં ચૂંટણી આચારસહિતા લાગુ થઈ ગઈ છે. ૨૦૧૯ સામાન્ય ચૂંટણીને ધ્યાને રાખતા આ ચૂંટણી ખૂબ મહત્વની છે. તમામ સર્વે એવું કહી રહ્યાં છે કે આ વખતે ભાજપને મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તીસગઢમાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે.ચૂંટણી આયોગ દ્વારા શનિવારે પાંચ રાજ્યોની વોટિંગની તારીખોની જાહેર કરી દેવામાં આવી છે. વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી પહેલા યોજાનારી આ ચૂંટણીને સેમિ ફાઈનલ માનવામાં આવી રહી છે. ભાજપ અને કોંગ્રેસ સહિત અન્ય દળો પણ આ ચૂંટણી માટે જીતનાં દાવાઓ કરી રહ્યાં છે. ત્યારે બીજી બાજુ રાજસ્થાન, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં લોકોનું વધારે પડતું ધ્યાન છે અને એ એટલાં માટે કે આ ૩ રાજ્યોમાં ભાજપની સરકાર છે.એક સર્વે અનુસાર કહેવાય છે કે રાજસ્થાન, છત્તીસગઢ અને મધ્યપ્રદેશમાં ભાજપ સત્તામાંથી આઉટ થઈ શકે છે. સર્વે અનુસાર જોવાં મળી રહ્યું છે કે રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર બનતી જોવા મળશે. રાજસ્થાનની ૨૦૦ વિધાનસભાની સીટોમાંથી ભાજપને માત્ર ૫૬ સીટો અને કોંગ્રેસને ૧૪૨ સીટો મળી શકે છે. બીજી બાજુ જ્યારે વોટ ટકાવારીની વાત કરવામાં આવે છે તો રાજસ્થાનમાં ભાજપને ૩૪% અને કોંગ્રેસને ૫૦% વોટ મળી શકે છે જ્યારે અન્યનાં ખાતામાં ૧૬% વોટ જઈ શકે છે.

સર્વે અનુસાર આગળ જોઈએ તો છત્તીસગઢમાં પણ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર છે. છત્તીસગઢમાં ૯૦ વિધાનસભાની સીટોમાંથી ભાજપને ૪૦, કોંગ્રેસને ૪૭ તથા અન્યને ૩ સીટો મળી શકે છે. એટલે કે છત્તીસગઢમાં ભાજપને ૩૮.૬%, કોંગ્રેસને ૩૮.૯% તથા અન્યને ૨૨.૫% મતદાતાઓનું સમર્થન મળી શકે છે.મધ્યપ્રદેશમાં પણ ભાજપને ૧૦૮ તથા કોંગ્રેસને ૧૨૨ સીટો મળવાની સંભાવના દેખાઈ રહી છે. જ્યારે અન્યનાં ખાતામાં એક પણ સીટ નહીં હોય. વોટ શેરની જો વાત કરવામાં આવે તો તેમાં ભાજપને ૪૧.૫%, કોંગ્રેસને ૪૨.૨% અને અન્યને ૧૬.૪% વોટ મળી શકે છે. ઉલ્લેખનીય છે કે વર્તમાન શિવરાજ સિંહનાં નેતૃત્વનાં ભાજપ પાસે ૧૬૫ સીટ છે જ્યારે કોંગ્રેસની પાસે ૫૮ ધારાસભ્યો છે. કહેવાય છે કે આ સર્વે ઓગસ્ટનાં છેલ્લાં અઠવાડિયાથી સપ્ટેમ્બરનાં છેલ્લાં અઠવાડિયા દરમ્યાનનો છે.

**નક્સલવાદી પ્રભુત્વ ઘટીને ૧૫ જિલ્લાઓ સુધી**

# નક્સલવાદનો ટૂંક સમયમાં જ સફાયો કરાશે : રાજનાથ

## સુરક્ષા દળોના કઠોર પગલાના લીધે નક્સલીનો સફાયો

એજન્સી દ્વારા
લખનૌ, તા. ૭

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે કેન્દ્રીય દળોના પરાક્રમની પ્રશંસા કરતા કહ્યું હતું કે, હવે ટૂંક સમયમાં જ દેશમાંથી નક્સલવાદ અને માઓવાદીનો સફાયો થઈ જશે. રાજનાથસિંહે કહ્યું હતું કે, પહેલા દેશના ૧૨૬ જિલ્લાઓમાં નક્સલવાદી ગતિવિધિ ચાલી રહી હતી. હવે આ સંખ્યા ઘટીને ૧૨થી ૧૫ જેટલી રહી ગઈ છે. આનાથી સ્પષ્ટ થાય છે કે, સુરક્ષા દળોની સામે નક્સલવાદીઓ દમ તોડી રહ્યા છે. ઉત્તરપ્રદેશના પાટનગર લખનૌના બીજનોર સ્થિત શિબિરમાં આરએએફની ૨૬મી સ્થાપના દિવસના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં રાજનાથસિંહે કહ્યું હતું કે, ટૂંક સમયમાં જ સીઆરપીએફ અને આરએએફના પરાક્રમના કારણે દેશભરમાંથી નક્સલવાદ અને માઓવાદીઓનો સંપૂર્ણપણે સફાયો થઈ જશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આ કેન્દ્રીય દળોએ બીજા રાજ્યોની પોલીસની સાથે મળીને ભારતીય પ્રજાના મનમાં વિશ્વાસ સ્થાપિત કરવામાં સફળતા મેળવી છે. જ્યાં નક્સલવાદી ગતિવિધિ હતી અને વિકાસની



કામગીરી પહોંચી ન હતી ત્યાં આ સુરક્ષા દળોએ નક્સલવાદીઓના મજબૂત ગઢને નષ્ટ કરી દીધા છે અને વિકાસ કામગીરી હાથ ધરી છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, પહેલા શહીદ જવાનોના પરિવારને ૪૫ લાખ રૂપિયા મળતા હતા પરંતુ અમારી સરકાર આવ્યા બાદ ખાતરી કરવામાં આવી રહી છે કે તેમને એક કરોડ રૂપિયાની રકમ આપવામાં આવે. જો કે, તેમણે કબૂલાત કરી હતી કે, જીવનની કિંમત જેટલી રકમ ક્યારે પણ વળતરની હોઈ શકે નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, આસામમાં એનઆરસીને લઈને આંદોલન થઈ રહ્યું હતું ત્યારે ત્યાં સીઆરપીએફને બોલાવવાની માંગ કરવામાં આવી હતી. કેરળમાં પુરના સમયે પણ સીઆરપીએફને બોલાવવાની માંગ ઉઠી હતી.

**ચીન અને પાકિસ્તાન પર ચાંપતી નજર રહેશે**

# મિગ-૨૯ યુદ્ધ વિમાન વધુ અપગ્રેડ : શક્તિમાં વધારો

## અપગ્રેડ થયેલ વિમાનમાં બધા અતિ આધુનિક નવા ફિચર ઉમેરાયા : એક સાથે અનેક દિશાઓથી હુમલા કરી શકાશે

એજન્સી દ્વારા
જલંધર, તા. ૭

ભારતીય હવાઈદળના ફાઈટર જેટ મિગ ૨૯ને અપગ્રેડ કરી તેની તાકાત અને સ્પીડને વધારી દેવામાં આવી છે જેના પરિણામ સ્વરુપે ચીન અને પાકિસ્તાન ઉપર વધારે નજીકના અંતરથી નજર રાખી શકાશે. મિગ-૨૯ યુદ્ધવિમાનોને અપગ્રેડ કરવામાં આવ્યા બાદ ભારતની ક્ષમતામાં પણ ઉલ્લેખનીયરીતે વધારો થયો છે. ફાઈટર વિમાનોની કમીના પરિણામ સ્વરુપે મિગને વધુ શક્તિશાળી બનાવી દેવામાં આવ્યા છે. અદમપુર એરફોર્સ સ્ટેશન પર તૈનાત ફ્લાઈટ લેફ્ટીનન્ટ કરણ કોહલીએ માહિતી આપતા કહ્યું છે કે, રશિયા દ્વારા બનાવવામાં આવેલા આ વિમાનમાં હવે હવામા જ ફ્યુઅલ ભરવા માટેની ક્ષમતા રહેશે. આ એરક્રાફ્ટ મારફતે હવે એક સાથે એકથી વધુ દિશાઓમાં હુમલા કરી શકાશે. પોતાના જુના વર્જનને અપગ્રેડ કરી દેવામાં આવ્યા છે. આ યુદ્ધ વિમાન ચીન અને પાકિસ્તાન ઉપર નજર રાખવા માટે ખુબ ઉપયોગી સાબિત થશે. પોતાના જુના વર્જનમાં પણ આ વિમાને



ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. ૧૯૯૯માં કારગિલ યુદ્ધ દરમિયાન મિગ-૨૯ પાકિસ્તાની સેના ઉપર જીત મેળવવામાં ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. છેલ્લા સપ્તાહમાં અદમપુર એરફોર્સ સ્ટેશન ઉપર મિગ-૨૯ના અપગ્રેડ વર્જનનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આનો ઉપયોગ આવતીકાલના દિસે થનાર એરપોર્ટ ડે ઉપર પણ કરવામાં આવશે. લેફ્ટીનન્ટ કોહલીએ કહ્યું હતું કે, મિગ-૨૯માં મલ્ટીફંકક્શન ડિસ્પ્લે લગાવવામાં આવ્યા છે. ૧૨મી સપ્ટેમ્બરના દિવસે ભારતીય હવાઈદળના પ્રમુખ એરચીફ માર્શળ બીએસ ધનોવાએ કહ્યું હતું કે, ફોર્સ ફાઈટર વિમાનોની કમીથી પરેશાન છે. હવાઈ દળના પ્રમુખે કહ્યું હતું કે, ફોર્સની પાસે હાલમાં ૩૧ સ્કોડ્રોન છે જ્યારે જરૂર ૪૨ની છે. વ્યૂહાત્મક દ્રષ્ટિએ એરપોર્ટ સ્ટેશન અદમપુર ખુબ મહત્વપૂર્ણ છે. જે પાકિસ્તાનથી ૦૦ કિમી અને મિગ-૨૯ ચીનથી ૨૫૦ કિમીના અંતરે છે. હવે અપગ્રેડેડ મિગ-૨૯ તૈનાત કરવામાં આવનાર છે. ભારતીય હવાઈ દળના મિગ-૨૯ના ત્રણ સ્કોડ્રોન હાલમાં ઓપરેશનમાં છે જેમાંથી બે અદમપુર એરફોર્સ સ્ટેશન પર છે. એક સ્કોડ્રોનમાં ૧૬થખી ૧૮ વિમાનો હોય છે. કોહલીએ માહિતી આપતા કહ્યું હતું કે, આ વિમાનો ભારતીય હવાઈ સ્પેશમાં જો કોઈ વિમાન ઘુસી જાય તો માહિતી મળતાની સાથે જ પાંચ મિનિટની અંદર જ ઉડાણ ભરી શકે છે. મિગ ઉડાણ ભરનાર એક પાયલોટે કહ્યું હતું કે, મિગ-૨૯ના અપગ્રેડેડ વર્ઝનમાં તેની રેંજને મજબૂત કરવામાં આવી છે. આના મારફતે હવાથી હવા, હવાથી જમીન અને એનેટી શિપિંગ ઓપરેશન સરળતાથી હાથ ધરી શકાશે. મિગ-૨૯ના અપગ્રેડ વર્ઝનમાં તમામ આધુનિક ફિચર રાખવામાં આવ્યા છે. ગ્લાસકોપકિટ, ડિજિટલ સ્ક્રીનની સુવિધા છે.

**એક સાથે અનેક અર્થી ઉઠતા હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા**

# ઉત્તરાખંડ દુર્ઘટના : મૃતકોના પરિવારને પાંચ લાખ મળશે

## અંતિમ યાત્રામાં મુખ્યમંત્રીના પત્નિ અંજલિબેન ઉપસ્થિત રહ્યા : રૂપાણી પોતે મૃતકોના સ્વજનોને પ્રત્યક્ષરીતે મળ્યા

એજન્સી દ્વારા
રાજકોટ,તા.૭

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ઉત્તરકાશીમાં બસ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા રાજકોટના કમનસીબ યાત્રીઓના વારસદારોને પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. વિજય રૂપાણીએ આજે રાજકોટમાં આ મૃતકોના સ્વજનોને પ્રત્યક્ષ મળીને સાંત્વના પાઠવી હતી અને તેમના દુ:ખમાં સહભાગી થયા હતા. ઉત્તરકાશીમાં ગમખ્વાર અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના મૃતદેહને લાવવામાં આવ્યા બાદ તેમના પરિવારમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. આજે તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા ત્યારે લોકો ભાવનાશીલ બન્યા હતા. એક સાથે અનેક અર્થી ઉઠતા હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. રાજકોટથી ચારધામની યાત્રાએ નીકળેલા યાત્રિકોની બસ શુક્રવારે સાંજે ગંગોત્રી દર્શન કરી પરત ફરી રહ્યા હતા ત્યારે તેમની મિનિબસ ઉત્તરાખંડના ભીરવાડીથી ૧૦ કિ.મી.દૂર ૬૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી હતી. ગોઝારા અકસ્માતમાં રાજકોટના ૮ વ્યક્તિ સહિત ૧૦નાં મોત નિપજયા હતા. ગઈકાલે એરફોર્સના વિમાન દ્વારા મૃતદેહોને રાજકોટ લવાયા હતા. જેમાં ગઈકાલે એક વ્યક્તિને અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. જ્યારે આજે એકી સાથે ૭ અર્થી ઉઠતા હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા હતા. અંતિમયાત્રામાં સીએમના પત્ની અંજલીબેન રૂપાણી સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. શહેરના રામનાથપરા અંતિમધામ ખાતે તમામ મૃતકોના અંતિમ સંસ્કાર કરવાના હોય બધી અંતિમયાત્રા રામનાથપરા પહોંચી હતી. સાંસદ મોહન કુંડારિયા, મુખ્યમંત્રી વિજય રૂપાણીના પત્ની અંજલીબેન રૂપાણી અને મેયર બીનાબેન આચાર્ય પણ રામનાથપરા અંતિમધામ ખાતે આવી પહોંચ્યા હતા. તેમજ મૃતકોના પરિવારજનોને સાંત્વના પાઠવી હતી.

**રામ મંદિર મુદ્દે મોદી સરકાર ફસાઈ રહી છે?**

# વીએચપી અને શિવસેનાએ સરકાર સામે મોરચો ખોલી નાખ્યો છે

એજન્સી દ્વારા નવીદિલ્હી,તા.૭

ચૂંટણી સમયમાં રામ મંદિર મુદ્દો હંમેશા ગરમ રહે છે. ભાજપ પોતાના પાર્ટી મેનીફેસ્ટો થી લઈને ઈલેક્શન રેલીઓમાં રામ મંદિરનો ઉલ્લેખ કરતા આવ્યા છે. પરંતુ આ વખતે લોકોએ સત્તાધારી પાર્ટી ભાજપને ઘેરવા માટેની તૈયારી કરી લીધી છે. વિશ્વ હિન્દૂ પરિષદ અને શિવસેનાએ અયોધ્યામાં રામ મંદિર બનાવવા માટે સરકાર સામે મોરચો ખોલી નાખ્યો છે. જ્યાં એક તરફ વિશ્વ હિન્દૂ પરિષદના સંતોએ સાથે બેઠક કરીને સરકારને આ મુદ્દે ઓર્ડિનન્સ લાવવા માટે પડકાર આપ્યો છે, તો શિવસેનાએ પણ સરકાર સામે મોટું આંદોલન કરવાની તૈયારી કરી લીધી છે.

મોદી સરકાર પર દબાણ લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો ૫ મી ઑક્ટોબરે દિલ્હીમાં એક બેઠક યોજાઈ હતી, જેમાં અયોધ્યામાં રામ મંદિર બાંધવાની મોદી સરકાર પર દબાણ લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સંતોએ માંગ કરી હતી કે કેન્દ્ર સરકારે રામ મંદિરના નિર્માણ માટે ટૂંક સમયમાં અને સંસદના આગામી સત્રમાં કાયદાનો અમલ કરવો જોઈએ.

વીએચપીના વહીવટી અધ્યક્ષ અલોકકુમારએ એક પત્રકાર પરિષદ કર્યો હતો અને કહ્યું હતું કે ૩૧ જાન્યુઆરી અને ફેબ્રુઆરી ૧ ના રોજ, અલ્હાબાદ કુંભમાં ૩૦ હજાર સંતો સાથે ધર્મ પરિષદ રહેશે. જો આ અધિનિયમ આવે નહી, તો પછીની વ્યૂહરચના નક્કી કરવામાં આવશે.

શિવસેનાએ રામ મંદિર મુદ્દા પર સરકારને ઘેરાવવાની તૈયારી કરી શિવસેનાએ રામ મંદિર મુદ્દા પર સરકારને ઘેરાવવાની તૈયારી કરી બીજી બાજુ શિવસેનાએ રામ મંદિર મુદ્દા પર સરકારને ઘેરાવવાની તૈયારી કરી છે. શિવસેનાના વડા પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ અયોધ્યામાં રેલી કરવાનો નિર્ણય લીધો છે. રામ મંદિર પર અધ્યાદેશની તરફેણમાં શિવસેના પણ જોવા મળી રહી છે. શિવસેનાએ તાજેતરમાં કહ્યું હતું કે જ્યારે બાબરી મસ્જિદને ઉતારી દેવામાં આવ્યો ત્યારે કોર્ટને પૂછવામાં આવ્યું ન હતું, શા માટે?

નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

દેશમાં બળાત્કાર અને દુશ્કૃત્ય માટે ફાંસી સુધીની સજાની જોગવાઈ કરવામાં આવી છે, આમ છતાં જાણે કે આ સજાની બીક પણ અસરકાર થતી ન હોય તેવી પરિસ્થિતિ પ્રવર્તે છે, અને દિવસે અને દિવસે આવા ગુન્હા વધતાં પરિસ્થિતિ વિષમ બની છે, અને ગુન્હેગારને સજા થશે ત્યારે થશે, પણ તેના કારણે નિર્દોશ લોકો પણ દંડાઈ ગયા છે.

હાલની જ વાત કરીએ તો એક પરપ્રાંતીય દ્વારા કથિત રીતે ૧૪ માસની બાળકી સાથે દુષ્કર્મ બાદથી હિંમતનગરમાં રહેતા પરપ્રાંતીય શ્રમિકોને શહેર છોડી દેવા ધમકી આપવામાં રહી છે, જેનાં પગલે મોટાપાયે હિજરત શરૂ થઈ ગઈ છે. એક જણના પાણે હાલમાં બધા જ પરપ્રાંતિય દંડાઈ રહ્યા છે, આ અગાઉ મુંબઈમાં પણ હમચી મુંબઈ કરીને બીજા પ્રાન્તના લોકો પર ખાસ કરીને યુપી અને બિહારના લોકો પર હુમલા થયા હતા, હાલમાં આવો જ પ્રસંગ ગુજરાતમાં બની રહેલ છે ત્યારે , સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના પરપ્રાંતીય શ્રમિકોમાં ઊભો થયેલો ભયનો માહોલ રાજયના અન્ય જિલ્લાઓમાં પણ ફેલાઈ રહ્યો છે.અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, વૉટ્સએપ સહિતના સોશિયલ મીડિયા પર પરપ્રાંતીયો વિરુદ્ધ 'ધમકી અને ધૃણા' ફેલાવતા સંદેશાઓને કારણે સ્થિતિ કથળી રહી છે.ગુજરાત પોલીસ દ્વારા પેટ્રોલિંગ તથા ધરપકડ જેવા પગલાં લેવામાં આવી રહ્યાં છે, પરંતુ તે અપૂરતા નીવડી રહ્યા હોય તેમ જણાય છે.ક્ષત્રિય ઠાકોર સેનાના આગેવાન અલ્પેશ ઠાકોરે સમાજના લોકોને 'શાંતિ જાળવવા' તથા પરપ્રાંતીયોને 'ભાઈ માનવા' અપીલ કરી છે.સાબરકાંઠાના હિંમતનગરના ગાંભોઈના ઢુંઢર ગામમાં ફેક્ટરીમાં કામ કરતા ૧૯ વર્ષીય છોકરા રવીન્દ્ર ગોંડેએ ૧૪ મહિનાની છોકરીને ખેતરમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું.રવિન્દ્ર ત્યાં ફેકટરીમાં કામ કરતો હતો અને રોજ ચા-નાસ્તો કરવા માટે પીડિત પરિવારના ગલ્લે આવતો હતો. બાળકી ઊંઘતી હતી એ વખતે તેને લઈ ગયો હતો અને ત્યાંથી ૨૦૦ મીટર દૂર બળાત્કાર કર્યો હતો. ત્યારબાદ તે ત્યાંથી નાસી છૂટ્યો હતો.બાળકીને અમદાવાદની સિવિલ હૉસ્પિટલ ખાતે સારવાર અપાઈ રહી છે.પોલીસે દુષ્કર્મ કરનાર પરપ્રાંતીય યુવક રવીન્દ્ર ગોંડેની ધરપકડ કરી હતી. જેના પગલે આ મુદ્દો 'ગુજરાતીઓ વિરુદ્ધ પરપ્રાંતીયો'નો બની ગયો હતો.પરપ્રાંતીયોને હાંકી કાઢવા તથા તેમને શહેર છોડી દેવા ધમકીઓ આપવામાં આવી રહી છે. આ અંગેના મૅસેજ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યા હતા.આ વિસ્તારમા અંદાજિત સવા લાખ જેટલા પરપ્રાંતીય લોકો રહેતા હોવાની વિગતો છે. આસપાસના વિસ્તારમાં ઉત્તર ભારતીયો પર હુમલા શરૂ થયા હતા.પરપ્રાંતીયો પર ૧૮ જેટલા હુમલા થયા હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે ઉત્તર ભારતીયોએ હિજરત શરૂ કરી દીધી છે.હિંમતનગરના શક્તિ નગર વિસ્તારમાં ભાડાના મકાનમાં મોટી સંખ્યામાં પરપ્રાંતીય લોકો રહેતા હતા. તેઓ હવે ઘર ખાલી કરીને નીકળી ગયા છે.ભયના વાતાવરણના પગલે કેટલાક લોકો સુકાતા કપડાં એમ જ છોડીને ઘરને તાળું મારીને નીકળી ગયા છે. લોકો પોતાનાં ટીવી, રેફ્રિજરેટર જેવી ઘરની ચીજો પણ સસ્તા ભાવે વેચીને જઈ રહ્યા છે.હિંમતનગરમાં જે કાંઈ બની રહ્યું છે તેની અસર સાબરકાંઠા, મહેસાણા, ગાંધીનગર અને અમદાવાદના ચાંદખેડા, અમરાઈવાડી, બાપુનગર તથા ઓઢવ જેવા વિસ્તારોમાં પણ જોવા મળી રહી છે. જ્યાં પરપ્રાંતીય શ્રમિકો વસે છે.સુરતમાં સચીન, પાંડેસરા, ડિંડોલી તથા ડુમ્મસ જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં પણ ભયનો માહોલ ફેલાયો છે.જોકે, પોલીસ સતર્કતા દાખવી રહી છે અને આ વિસ્તારોમાં પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે, પરંતુ સોશિયલ મીડિયા પર ધૃણા ફેલાવતા સંદેશાઓ થતા નકલી વીડિયોઝને કારણે સ્થિતિ વકરી રહી છે.ઉપરાંત સસ્તા ડેટાપેકને કારણે મૅસેજિંગ ઍપ્સ તથા અન્ય માધ્યમોથી ચાઇલ્ડ પૉર્નના વીડિયો સહેલાઈથી મળી રહે છે, જે આ પ્રકારના કૃત્યો કરવા પ્રેરે છે.

# ટાટા મોટર્સેપ્રો કબડ્ડી લીગ માટે મલ્ટીલેયર ભાગીદારી પર હસ્તાક્ષર કર્યા

**•એસોસિયેટ સ્પોન્સર તરીકે પીકેએલ સાથે ૩ વર્ષની સ્પોન્સરશિપ માટે હસ્તાક્ષર કર્યા ~**

**•બીજા વર્ષ માટે પણ યુ.પી. યોદ્ધા ટીમ સાથે મુખ્ય સ્પોન્સર તરીકે પોતાની ભાગીદારી સતત રાખી ~**

*મુંબઈ, ૬ ઓક્ટોબર ૨૦૧૮: ટાટા મોટર્સના કોમર્શિયલ વ્હિકલ બિઝનેસ યુનિટ (સીવીબીયુ)એ એસોસિયેટ સ્પોન્સર તરીકે પ્રો કબડ્ડી લીગ (પીકેએલ) સાથે ત્રણ વર્ષની લાંબી ભાગીદારીની જાહેરાત કરી છે, જે આ સિઝનથી ચાલુ થાય છે. ટાટા મોટર્સ સતત બીજા વર્ષે પણ મુખ્ય સ્પોન્સર તરીકે પ્રો કબડ્ડી ટીમની ફ્રેન્ચાઈઝી યુ.પી. યોદ્ધાને તેનો કોમર્શિયલ સપોર્ટ પૂરો પાડશે. ભારત અને વિદેશમાં રમતગમત ક્ષેત્રેની પ્રતિભાને પ્રોત્સાહન પૂરુ પાડવાના ઉદ્દેશ સાથે, આ ભાગીદારી ટાટા મોટર્સના કબડ્ડી સાથેના લાંબા ગાળાના સાથને મજબૂત બનાવવાનો આશય સેવે છે. આ ભાગીદારી મારફતે ટાટા મોટર્સ ડ્રાઈવર્સ, ફ્લીટ ઓનર્સ અને સામાન્ય જનતા સહિત ભારતભરના હિસ્સા ધારકો સાથે ઊંડા સંબંધો પ્રસ્થાપિત કરવાની આશા રાખે છે.*

*ચાલુ વર્ષે ટાટા મોટર્સ લીગમાં નવા બે તત્વો રજૂ કરવા માગે છે. બેસ્ટ ડિફેન્ડરને 'ટાટા એસ ડિફેન્ડર ઓફ ધ મેચ'નો એવોર્ડ રમત પછી અપાશે. મેચનો ટાટા એસ ડિફેન્ડર સિઝનને અંતે "ટાટા એસ ડિફેન્ડર ઓફ ધ સિઝન"માં રૂપાંતરીત થશે. ટાટા મોટર્સ ઉપરાંત "ટાટા એસ ફેન ઓફ ધ મેચ"નું ટાઈટલ એનાયત કરશે જેમાં વિજેતાને માન્ય વીઆઈપી બોક્સમાંથી એકાદ લાઈવ પીકેએલ જોવાની સુવર્ણ તક પ્રાપ્ત થશે તેમજ ટેલિવીઝન પર આવવાની પણ તક પ્રાપ્ત કરશે.*

*આ ઘટના અંગે ટિપ્પણી કરતા ટાટા મોટર્સના કોમર્શિયલ વ્હિકલ બિઝનેસ યુનિટના પ્રેસિડન્ટ શ્રી ગીરીશ વાઘે જણાવ્યું હતું કે, 'કબડ્ડી જેવી રમતો ભારતમાં મોટા સમુદાયને જોડવા માટે આગળપડતી રહી છે, જે ઉર્જા, જુસ્સો અને ગતિશીલતાનું નિરૂપણ કરે છે, જેની સાથે ટાટા મોટર્સ કોમર્શિયલ વ્હિકલ બ્રાન્ડ હંમેશા સંકળાયેલી રહી છે. એક રમત તરીકે કબડ્ડી આપણા આંતરિયાળા વિસ્તારોમાં એક જુસ્સો છે અને પીકેએલ આ રમતને ઊંચી દેખાવ ક્ષમતા અને દેશને અપીલ કરવાની સાથે ઉપર ઉઠાવી રહી છે. વ્યાપારી વાહનો આપણા દેશની કરોડરજ્જુ છે અને દૈનિક ધોરણે દરેકના જીવનને કોઈને કોઈ રીતે સ્પર્શે છે– અને કબડ્ડી એક રમત તરીકે મોટા સમુદાયની રમત છે અને સમાજના દરેક વર્ગને સ્પર્શે છે. અમે પ્રો કબડ્ડી લીગ ફ્રૅચાઈઝી સાથે ભાગીદાર તરીકે જોડાતા અને યુ.પીય યોદ્ધા ટીમ સાથે અમારો સહયોગ ચાલુ રાખતા ખરેખર ખુશી અનુભવીએ છીએ.*

# નાણાકીયવર્ષ ૨૦૧૭-૧૮ માંહોમીગો ઘડિયાળ માં ૩ ગણી વૃદ્ધિ નોંધાઈ

**સુરત, ઓકટોબર-૨૦૧૮:** ઉભરતા સ્ટાર્ટઅપ હોમીગો ઘડિયાળ એજાહેરકર્યુંકે નાણાકીયવર્ષ ૨૦૧૭-૧૮ માં કંપનીએ ૩ ગણી વૃદ્ધિ નોંધાઈ છે. ૨૦૧૫ માંઆઈ

આઈટી કાનપુરમા ંથીસ્નાતકા ૅદ્વારા સ્થપાયેલી, આબેંગ્લોરસ્થિત કંપની 'ઘરેથી દૂરરહેવા' ની સંસ્કૃતિનેફરીથીવ્યાખ્યાયિતકરવા માટે પ્રતિબદ્ધછે.તેનેહિતેશરોહેરા (સુરતથી પ્રસિદ્ધ રીઅલ એસ્ટેટબિઝનેસ સન્માન), રામકાંત શર્મા અનેઅનુજ શ્રીવાસ્તવ (સહ સ્થાપક, લાઈવસ્પેસ), અસવિનીકુમાર (સ્થાપક, થિંકસોફ્ટગ્લોબલ - ૨૦૦ ૯ માંઆઈપીઓ) ચૈતન્યવીકોથા ( ૧ ૫ ૦ + વર્ષજૂનાદાગીનાનાવ્યવસાય ચલાવે છે), અશોકઅહુજા (સિનિયર પાર્ટનર, એડલવિસ ફાઈનાન્સિયલ સર્વિસીસ), આનંદ સંધિઅનેહિતેશ પ્રજાપતિ (વર્ટીવનાવરિષ્ઠ નેતાઓ), અનેકિરણજૈન (ભૂતપૂર્વબિઝનેસ હેડ, એચડીએફસીબેન્ક).સહિત માર્કીરોકાણકારોનીયાદીદ્વારા સમર્થન આપવામાંઆવ્યું છે.

**ઘોષણા અંગેબોલતાં, હોમીગોના સહ-સ્થાપક અને સીઈઓ શ્રી નિકુંજ બાથેજાએ જણાવ્યું હતું કે**"હોમીગોની સફળતાનીવાર્તા માત્રશરૂથઈ છે. આવર્ષેઅમે નવા ભૌગોલિક વિસ્તારોમાંવિસ્તરણઅને ઘરેથી દૂર ઘર પ્રદાન કરવા માટેવધુ મિલેનિયલ્સ સુધી પહોંચવાતરફજોઈરહ્યાછીએ. આબધાવર્ષોમાં માર્ગદર્શન અને સહાય માટે અમે અમારારોકાણકારો માટેહિતેશરોહેરાનો આભારી છીએ."



નવી દિલ્હી ખાતે હીરો મોટોકોર્પના સીએમડી અને સીઈઓ પવન મુંજાલએ સોકર લેજન્ડ પેલ સાથે મુલાકાત

### ક્રિએટિવ આઈ ઈવેન્ટ્સ એન્ડ એન્ટરટેઈનમેન્ટ દ્વારા

# કલબ બેબીલોન ખાતે ભવ્ય રાસોત્સવ ૨૦૧૮નું આયોજન

*અમદાવાદ, ૬ ઓક્ટોબર, ૨૦૧૮ – ક્રિએટિવ આઈ ઈવેન્ટ્સ એન્ડ એન્ટરટેઈનમેન્ટ દ્વારા ક્લબ બેબીલોન ખાતે ભવ્ય રાસોત્સવ ૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું છે, જયાં ગરબા રમવા ઉત્સાહિત યુવાન-યુવતિઓ નવા ગરબાના તાલે ઝુમીને નવરાત્રીનો સંપૂર્ણ આનંદ ઉઠાવી શકશે. ભાડજ સર્કલ પાસે ૧૦થી ૧૮ ઓક્ટોબર, ૨૦૧૮ દરમિયાન યોજાનારા રાસોત્સવ ૨૦૧૮માં મોટી સંખ્યામાં ખેલૈયાઓ ભાગ લેવાની અપેક્ષા છે.*

*મહત્વપૂર્ણ છે કે રાસોત્સવ ૨૦૧૮માં જીફા (ગુજરાત આઈકોનિક ફિલ્મ્સ એવોર્ડ્સ) દ્વારા દરરોજ નવા સેલિબ્રિટિઝને આમંત્રિત કરવામાં આવશે તથા ઓર્કેસ્ટ્રા અને ગાયક પણ દરરોજ નવા રહેશે, જેથી ખેલૈયાઓને વેરાયટી મળી રહેશે. આ ઉપરાંત પ્રથમવાર નવરાત્રીના તમામ દિવસના ગરબા ફેસબુક ઉપર લાઈવ કરાશે.*

*આ ગરબાના આયોજન અંગે વાત કરતાં ક્રિએટિવ આઈ ઈવેન્ટ્સ એન્ડ એન્ટરટેઈનમેન્ટના હિમાંશુ ઉત્તમચંદાની અને દિપક રાજપૂતે જણાવ્યું હતું કે, દર વર્ષની માફક આ વર્ષે પણ અમે ખેલૈયાઓની જરૂરિયાતોને લક્ષ્યમાં રાખીને સમગ્ર ગરબા ઈવેન્ટનું આયોજન કર્યું છે. સુંદર વેન્યુ, અદ્ભુત ઓર્કેસ્ટ્રાની સાથે-સાથે તેમના પાર્કિંગ સહિતની આવશ્યકતાઓને પૂર્ણ કરી શકાય અને તેઓ મુક્ત મને ગરબાની રમઝટ કરી શકે તેનો પૂરતો ખ્યાલ રાખવામાં આવ્યો છે. આ વર્ષની ગરબાની થીમ હેરિટેજ રાખવામાં આવી છે, જે ચોક્કસપણે ખેલૈયાઓને પસંદ પડશે તેવી અમને અપેક્ષા છે.*

*ઉલ્લેખનીય છે કે રાસોત્સવ ૨૦૧૮ દ્વારા એકત્ર થયેલાં ભંડોળના કેટલાંક હિસ્સાને સામાજિક ઉત્કર્ષ માટેની કામગીરી માટે પણ ફાળવવામાં આવશે, જેનાથી મહિલાઓ અને બાળકોના સશક્તિકરણની દિશામાં યોગદાન આપવામાં મદદ મળી રહેશે તથા તેનાથી અન્ય લોકોને પણ ઉમદા કામગીરીમાં જોડાવા માટે પ્રોત્સાહન મળશે.*

*રાસોત્સવ ૨૦૧૮માં ખેલૈયાઓને સરપ્રાઈઝ કરે તેવા નવા ગરબાની પણ રજૂઆત કરવાની તૈયાર થઈ રહી છે, જે તેમના આનંદ અને ઉમંદમાં ચોક્કસપણે વધારો કરશે અને સમગ્ર નવરાત્રીને યાદગાર બનાવશે.*

# લક્ષ્મી અગ્રવાલની કહાની માટે, દીપિકા પાદુકોણે અને મેઘના ગુલઝાર હાથ મિલાવ્યો



*ફિલ્મ પદ્માવત બાદ દિપીકા પાદુકોણની આગામી ફિલ્મ કઈ હશે તે અંગે વારંવાર ચર્ચા થતી હતી. જો કે હવે સામે આવ્યું છે કે આગામી ફિલ્મ માટે દિપીકા પાદુકોણે ડિરેક્ટર મેઘના ગુલઝાર સાથે હાથ મિલાવ્યો છે. આ ફિલ્મની સ્ટોરી એસિડ એટેકની શિકાર લક્ષ્મી અગ્રવાલની સ્ટોરી પર આધારિત હશે.*

*દિપીકા પાદુકોણ એક્ટિંગની કરવાની સાથે સાથે આ ફિલ્મને પ્રોડ્યુસ પણ કરશે. આ ફિલ્મ સાથ દિપીકા પ્રોડ્યુસર તરીકે ડેબ્યુ કરશે.*

*ફિલ્મ વિશે દિપીકાએ કહ્યું, 'જ્યારે મેં સ્ટોરી સાંભળી તો હું ઉંડાણમાં સરી પડી. આ ફક્ત એક હિંસાની જ નહીં, તાકાત, સાહસ, આશા અને જીતની સ્ટોરી છે. આ સ્ટોરીનો મારા પર એટલો પ્રભાવ પડ્યો કે મને લાગ્યું કે હવે વ્યક્તિગત અને રચનાત્મક રીતે આગળ વધવાનો સમય છે, એટલે મેં ફિલ્મ પ્રોડ્યુસ રકરવાનો નિર્ણય લીધો.'*

*લક્ષ્મી એક વિનમ્ર બેકગ્રાઉન્ડથી આવે છે. ૨૦૦૫ના વર્ષમાં ૧૫ વર્ષની ઉંમરે નવી દિલ્હી બસ સ્ટેન્ડ પર લક્ષ્મી એસિડ એટેકનો શિકાર બની હતી. લક્ષ્મી પર એસિડ ફેંકનાર વ્યક્તિ તેનાથી બમણી ઉંમરનો હતો, તેના પરિવારને પણ ઓળખતો હતો. હુમલાખોર શખ્સ લક્ષ્મી સાથે લગ્ન કરવા માંગતો હતો, પરંતુ લક્ષ્મીએ તેને સ્પષ્ટ ના કહી દીધી હતી.*

*લક્ષ્મીની સ્ટોરી દ્વારા ફિલ્મમાં દેશમાં થતા એસિડ એટેકથી બચવા માટે જરૂરી પાસાને સમજવાનો પ્રયાસ કરાશે, મેડિકલ, કાયદાકીય અને સામાજિક સ્થિતિ જે એસિડ હુમલા બાદ સર્જાય છે, ભોગ બનનાર વ્યક્તિની જિંદગી નર્ક બની જાય છે.*

### વિશેષ જરૂરિયાતોવાળા બાળકોને

# પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનની સેવા દર્શાવવા બિંદી શેઠ દ્વારા ફોટોગ્રાફી પ્રદર્શન



*અમદાવાદ, ૫ ઓક્ટોબર, ૨૦૧૮: પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશનના ખાસ બાળકો પર બિંદી શેઠ દ્વારા ફોટોગ્રાફસનુ પ્રદર્શન અમદાવાદના શાહિબાગમાં કસ્તુરભાઈ લાલભાઈ મ્યૂઝિયમ ખાતે યોજવામાં આવ્યું છે. રિવરસાઈડ સ્કૂલના ધો. ૬ ના બાળકો આ વિશેષ જરૂરિયાતોવાળા બાળકોની મુલાકાતીઓ સાથે પરિચય કરાવશે જેમની સાથે તેઓ એક મિત્ર કાર્યક્રમ કરી રહ્યા છે. આ નિર્દોષ આંખો દ્વારા ખાસ બાળકોના આનંદ, સંઘર્ષો અને ઈચ્છાઓ વિશે સાંભળવું એ પ્રેરણાદાયક અને સમજદાર અનુભવ છે. આ ઈવેન્ટ દ્વારા આ સ્પેશિયલ કિડ્સ અને તેમના પરિવારો માટેની પ્રભાતની સેવાને ૧૩ વર્ષ થયા. આ પ્રદર્શન ૬ ઓક્ટોબરથી ૮ ઓક્ટોબરે સવારે ૧૦ થી સાંજના ૫ વાગ્યા સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.*

*આ ઈવેન્ટનું ઉદઘાટન દિલ્હીના જાણીતા પેઈન્ટર અંજલી ઈલા મેનને ૫ ઓક્ટોબરે કર્યું હતું. પોતાના ફોટોગ્રાફ્સ દ્વારા બિંદી શેઠે આ સ્પેશિયલ બાળકોની દુનિયા અને તેમાં તેઓની સામે રહેલા અનેક પડકારોને આવરી લઈને રજૂ કર્યા છે, તેમાં કેટલીક તસવીરો તો અમદાવાદના જ કેટલાક સ્થળોની છે. જેમાં તેમના સંઘર્ષ, પ્રેમ, આશા અને ઉપલબ્ધિ જોવા મળે છે. અમદાવાદ સ્થિત, બિંદી શેઠ સાંસ્કૃતિક અને સામાજિક મુદ્દાઓ માટે કાર્યરત રહે છે.*

*૧ બાળકથી શરૂ કરીને પ્રભાત ફાઉન્ડેશન આજે પોતાના કાર્યોથી ૩૦૦૦ જેટલા બાળકોના જીવનને સ્પર્શતી કામગીરી કરી રહ્યું છે. તે આ ખાસ બાળકો ઉપરાંત તેના વાલીઓ, ભાઈભાંડુઓ, પડોશીઓ, શાળાઓ, તેમના સમુદાયો સુધી પણ પહોંચીને કામ કરે છે. તેનો હેતુ વિશિષ્ટ બાળક અને તેના પરિવાર માટે સ્થાનિક સ્તરે સહયોગનું વાતાવરણ સર્જવાનો છે અને એ રીતે તેમને ગૌરવાન્વિત થવામાં, કૌશલ્ય અને આત્મવિશ્વાસ પ્રાપ્ત કરવામાં મદદ કરે છે જે ખરેખર તેમના વિકાસ અને પ્રગતિ માટે આવશ્યક છે અને તેઓ પણ પ્રોડક્ટિવ અને સમાન નાગરિકો બની શકે.*

# બેન્ઝેલકઝી ડ્રાઈવલાઈવ સાથે ટેક્સટાઈલ્સએ શહેર અમદાવાદમાં ઝાકઝમાળ વધારી દીધી

*અમદાવાદઃ કોલકતા, ચેન્નાઈ, હૈદરાબાદ, થ્રિશુર અને બેન્ગલુરુમાં ફેઝ-૧ને મળેલી ભવ્ય સફળતા પછી ૨૦૧૮ મર્સિડીઝ- બેન્ઝ લક્ઝી લાઈવનો ફેઝ-૨ હવે અમદાવાદ શહેરમાં આવ્યો છે. ૨૦૧૮ લક્ઝી ડ્રાઈવ લાઈવ સાહસિક રોમાંચ, ખાણીપીણી અને સંગીતના ત્રણ રોમાંચક પાયા પર આદારિત છે, જે સહભાગીઓને પરિપૂર્ણ બ્રાન્ડ અનુભવ આપે છે. ગ્રાહકોએ સંગીત ઉદ્યોગમાં ભારતની અત્યંત લોકપ્રિય ઈલેક્ટ્રોનિક ચેનલમાંથી એક એમટીવી સાથે મોજમસ્તીભરી સંધ્યા જોઈ હતી. ઈવેન્ટ અદાણી શાંતિગ્રામ, શાંતિગૃહ, અમદાવાદ ખાતે ૬ઠ્ઠી અને ૭મી ઓક્ટોબર, ૨૦૧૮ના રોજ યોજાઈ હતી.*

*મહેમાનોને વિશિષ્ટ તૈયાર કરવામાં આવેલા ટ્રેક્સ પર મર્સિડીઝ-બેન્ઝ વાહનોની અદભુત રેન્જ ડ્રાઈવ કરવાનો મોકો મળ્યો હતો. પ્રોફેશનલ રેસિંગ ડ્રાઈવરોએ બ્રાન્ડ્સની ટેકનોલોજિકલ શક્તિઓ અને કાર્સની લક્ઝરી ખૂબીઓ પ્રદર્શિત કરી હતી. આ પહેલના રોમાંચક તત્ત્વમાં ઉમેરો કરતાં મર્સિડીઝ- બેન્ઝે એમટીવી સેશન્સનું આયોજન કર્યું હતું, જેમાં સહભાગીઓ માટે પરફેક્ટ વીકએન્ડ નિર્માણ કરવા વિવિધ પ્રકારોના અમુક પ્રતિભાશાળી કલાકારો એકત્ર આવ્યા હતા. સહભાગીઓની સુવિધા અને ફીડબેકને અનુલક્ષી લક્ઝી ડ્રાઈવ લાઈવ બંને દિવસે ખાસ ૧૪.૦૦ કલાકથી ૨૨.૦૦ કલાક સુધી રખાઈ હતી, જેથી તેઓ તેની શ્રેષ્ઠતાનો પરિપૂર્ણ અનુભવ લઈ શકે. લક્ઝી ડ્રાઈવ લાઈવમાં સહભાગીઓ માટે વિસ્તારિત ડ્રાઈવ મુદત સાથે વધુ સેલ્ફ- ડ્રાઈવ ઝોન્સ પણ રખાયા હતા. લક્ઝરી અને ખાસ ખાણીપીણીનો અનુભવનું પરફેક્ટ સંમિશ્રણ પૂરું પાડવાના પ્રયાસમાં મર્સિડીઝ- બેન્ઝ ઈન્ડિયાએ ખાણીપીણી પર ખાસ વર્કસોપ અને ફૂડ ફોટોગ્રાફી સાથે મહેમાનોને બેવડી ખુશી આપવા માટે સેલિબ્રિટી શેફ રણવીર બ્રાર સાથે સહયોગ સાધ્યો હતો.*

- **સાહસિક રોમાંચ, ખાણીપીણી અને સંગીતના ત્રણ પાયા પર આધારિત અજોડ ગ્રાહક સહભાગી પહેલ.**
- **સેલિબ્રિટી શેફ રણવીર બ્રારે ગ્રાહકોને સ્વાદિષ્ટ વાનગીઓની લહેજત કરાવી અને વાનગીઓ પર નવા અને ખાસ વર્કશોપ અને ફૂડ ફોટોગ્રાફી સાથે સહભાગી કર્યા.**
- **ઈવેન્ટમાં આધુનિક રુચિનો ઉમેરો કરતાં મુક્ત અને નવા પ્રવાહનો અભિગમ ટ્રાવેલિંગ ગુર્મે રજૂ કરાયો.**
- **એમટીવી સેશનમાં લાઈવ મ્યુઝિક ગિગ્સની સિરીઝ ઓફર કરવામાં આવી અને અમુક ઉત્કૃષ્ટ પ્રતિભાશાળી કલાકારો પ્રસ્તુત કરાયા.**
- **વિશિષ્ટ રીતે તૈયાર કરાયેલા ટ્રેક પર મર્સિડીઝ- બેન્ઝ લકઝરી કાર્સની રેન્જ ટેસ્ટ ડ્રાઈવ કરવા માટે મર્સિડીઝ- બેન્ઝ દ્વારા અવિસ્મરણીય અનુભવ કરાવતી વ્યવસ્થા કરાઈ.**
- **સહભાગીઓ માટે મફત કાર ઈવેલ્યુએશન અને પર્સનલાઈઝ્ડ ફાઈનાન્સ સાથે વિશેષ ટ્રેડ-ઈન.**
- **બાળકો માટે વિશેષ ઝોન્સ, સંભવિત ગ્રાહકો માટે ડેમલર ફાઈનાન્શિયલ સર્વિસ, એડવાઈઝરી.**




# બીએનઆઈ દ્વારા નવરાત્રિના પહેલા જ નોરતે ગુલમહોર ગ્રીન્સ ખાતે વિશેષ રાસ-ગરબાનું આયોજન

અમદાવાદ,તા.૬ સામાન્ય રીતે નવરાત્રિમાં શેરી-મહોલ્લા કે, કલબો, પાર્ટીપ્લોટોમાં રાસ-ગરબાનું આયોજન થવું એ સ્વાભાવિક વાત હોય છે પરંતુ કંઈક અનોખા ઉદ્દેશ અને હેતુ સાથે રાસ-ગરબાનું આયોજન કરવું તે કંઈક અલગ અને અનોખી વાત કહી શકાય. અમદાવાદ શહેરને વૈશ્વિક ફલક પર બિઝનેસ અને નેટવર્કીંગ ક્ષેત્રે મોખરાનું સ્થાન હાંસલ કરાવવાના આવા ઉમદા આશય અને એક અનોખી પહેલના ભાગરૂપે વિશ્વની સૌથી મોટી બિઝનેસ નેટવર્કીંગ ધરાવતુ ઓર્ગેનાઈઝેશન બીએનઆઈ દ્વારા નવરાત્રિના પહેલાં જ દિવસે ગુલમહોર ગ્રીન્સ ખાતે ખાસ પ્રકારે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેરના વ્યાપાર-ઉદ્યોગના વ્યાપ અને વિસ્તરણના ધ્યેય સાથે રાસ-ગરબાનું આયોજન કરાયું હોય તેવી અમદાવાદ શહેરના ગુજરાત માં આ પ્રેરણારૂપ ઈવેન્ટ બીએનઆઈ યોજી રહ્યું છે.



બીએનઆઈ(બિઝનેસ નેટવર્કીંગ ઈન્ટરનેશનલ)ની આ અનોખી મુહીમ વિશે વાત કરતાં બીએનઆઈના એકઝીકયુટીવ ડિરેકટર યશ વસંતે જણાવ્યું હતું કે, બિઝનેસ નેટવર્કીંગ ક્ષેત્રે ક્રાંતિ સર્જનાર બીએનઆઈ હવે અમદાવાદ શહેરને વૈશ્વિક સ્તરે ખ્યાતિ અપાવી દુનિયાભરના બિઝનેસમેનો અને ઔદ્યોગિક જગતનું ધ્યાન ખેંચવા માંગે છે અને અમદાવાદ શહેરને વૈશ્વિક ફલક પર આ ક્ષેત્રમાં મોખરાનું સ્થાન અપાવવાનો ઉમદા ધ્યેય સેવે છે ત્યારે બીએનઆઈના સભ્યો, પરિવારજનો અને મિત્રવર્તુળ પણ એક મંચ પર એકસાથે આવી આ મુહીમમાં જોડાય અને તે દિશામાં સક્રિય અને અસરકારક પ્રયાસો કરે તે હેતુથી જ નવરાત્રિના પહેલા જ નોરતે સાણંદના ગુલમહોર ગ્રીન્સ ખાતે બીએનઆઈ દ્વારા આ વિશેષ પ્રકારના રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

# તુમ્બાડમાં અનુભવી ટેક્નિશિયનની ટીમ ને શામિલ કરવામાં આવી



*ફિલ્મ 'તુમ્બાડ'માં VFX ઈફેક્ટ સહિત ફિલ્મના તમામ પાસાના ભરપૂર વખાણ થઈ રહ્યા છે. ફિલ્મની આ VFX ઈફેક્ટ પાછળ ટેક્નિશીયન્સની આખી ટીમ છે. ફિલ્મમાં એ ટેક્નિશિયન્સનો સમાવેશ કરાયો છે, જે પોતાના કામમાં નામ કાઢી ચૂક્યા છે.*

*મ્યુઝિસિયન જેસ્પર કિડ જેઓ હિટમેન સિરીઝમાં કામ કરી ચૂક્યા છે, તેમનાથી લઈને શૉન વ્હીલન, એક આંતરરાષ્ટ્રીય મ્યુઝિશિયન, અજય અતુલથી લઈને મિતેશ સુધી, આદેશથી લઈને સ્મૃતિ અને સચિન (કોસ્ચ્યુમ) સુધી, પ્રોડક્શનમાં રાકેશ અને નીતિન વગેરેએ ફિલ્મને શાનદાર બનાવવામાં સાથ આપ્યો છે.*

*આ જબરજસ્ત હૉરર ફિલ્મ માટે પ્રોડ્યુસર ઈચ્છતા હતા કે બેસ્ટ લોકો સાથે જ કામ કરવામાં આવે. એટલે દરેક ડિપાર્ટમેન્ટમાં અનુભવી લોકોનો જ સાથ લેવાયો છે, જેથી પ્રોડ્યુસર્સની ઈચ્છા મુજબ ફિલ્મ બની શકે. જો કે આ તમામ દિગ્ગજોને એક સાથે લાવવા સહેલું કામ નહોતું. તાજેતરમાં જ રિલીઝ થયેલા ફિલ્મના ટ્રેલર બાદ સ્પષ્ટ છે કે મેકિંગમાં ફિલ્મના દરેક પાસા પર ખાસ ધ્યાન અપાયું છે.*

*વિઝ્યુઅલી અદભૂત હોવાને કારણે 'તુમ્બાડ' પોતાની રિલીઝ પહેલા જ પ્રશંસા પ્રાપ્ત કરી ચૂકી છે. ત્યારે ટ્રેલર બાદ ફિલ્મ કેટલી ભવ્ય છે તે જાણવા રિલીઝની રાહ જોવાઈ રહી છે.*

**Printed, Published and Owned by Shri Narendra G.Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA G. JOSHI. PH :-079- 27451449, (M) 9825065387 RNI NO. GUJGUJ/2012/ 48123**

# બજાર વોલેટાઈલ રહેવાની ધારણા

**યુએસના વધી રહેલા વ્યાજદર, દેશનું ઓવર વેલ્યૂડ માર્કેટ, રૂપિયામાં ઘસારા તેમજ બોન્ડની ઉપજમાં વૃદ્ધિ જેવા પરિબળો બજારને ઘમરોળશે**

**એજન્સી દવારા**
**નવીદિલ્હી**

બજાર નિષ્ણાતોના મતે આગામી સપ્તાહે શેરબજારની ચાલનો આધાર ડોલર સામે રૂપિયાની સ્થિતિ, વિદેશી ભંડોળના પ્રવાહ પર નિર્ભર રહેશે તેમજ અમેરિકામાં વ્યાજદરમાં વધારાના સંકેત પણ બજારની ચાલ પર તેની અસર દેખાડશે.બજાર નિષ્ણાતોના મતે ક્રૂડના ઊંચા ભાવ અને એક્સપેન્સિવ સ્ટોક વેલ્યૂએશન પણ રોકાણકારોના સેન્ટિમેન્ટ્સ પર પ્રતિકૂળ અસર કરે તેવી શક્યતા છે.ભારતીય શેરબજારમાં ભારે તોફાનનો તખ્તો રચાઈ ગયો છે. યુએસના વધી રહેલા વ્યાજદર, દેશનું ઓવર વેલ્યૂડ માર્કેટ, રૂપિયામાં ઘસારા તેમજ બોન્ડની ઉપજમાં વૃદ્ધિ જેવા પરિબળો બજારને ઘમરોળશે.

વ્યાજદર યથાવત જાળવી રાખવા સાથે રૂપિયાને તેના હાલ પર છોડી દેવાના ભારતીય રિઝર્વ બેંકના વલણને કારણે આગામી દિવસોમાં રૂપિયો અનિશ્ચિતતામાં વધારો કરશે અને અમેરિકામાં સતત વ્યાજદર વધારાના માહોલમાં વૈશ્વિક બજારો તૂટશે અને તેની અસર ભારતીય શેરબજાર પર પણ જોવાશે. આ સ્થિતિમાં આ સપ્તાહે બજાર વોલેટાઈલ રહેવાની ધારણા છે. જિયોપોલિટિકલ ડેવલપમેન્ટ અને ભારે વેપાર ખાધને કારણે અમેરિકન ડોલર સામે ઈન્ટ્રા ડે તેમજ નવા તળિયા બનાવી રહ્યો છે.

ગયા સપ્તાહે સ્પોટ માર્કેટમાં અમેરિકન ડોલર સામે રૂપિયો ઈન્ટ્રા ડેમાં ૭૪થી પણ વધુ ગગડી ગયો હતો અને ૫ ઓક્ટબરે તે ૭૩.૭૭ના સ્તરે બંધ રહ્યો હતો.આગામી દિવસોમાં સંજોગો ભારતીય ચલણની તરફેણમાં જણાતા ન હોવાથી હજુ તેના પર વધુ દબાણની શક્યતા નકારી શકાય નહીં. અમને રૂપિયો ૭૫ થવાની આશંકા છે અને સાથો સાથ સરકાર તરફથી દરમિયાનગીરીની પણ શક્યતા જણાય છે.

આગામી દિવસોમાં ક્રૂડના આંતરરાષ્ટ્રીય ભાવની વૃદ્ધિ ઈક્વિટી માર્કેટની રિકવરી સામેની મોટી અડચણ બની શકે છે. ૫ ઓક્ટોબર ક્રૂડના ભાવ બેરલદીઠ ૮૪ ડોલરની સપાટીએ બંધ રહ્યા હતા.ડેટની કથળતી ગુણવત્તા, રિડમ્પશન તેમજ રોકાણકારોની જોખમ પારખવાની જાગૃતિ વધવાને કારણે ઈક્વિટી માર્કેટના માઠાં દિવસો શરૂ થયા છે.જ્યાં સુધી ફાઈનાન્શિયલ માર્કેટમાં સ્થિરતાનો અહેસાસ નહીં થાય ત્યાં સુધી નજીકના ગાળામાં બજાર નેગેટિવ રહેવાની ધારણા છે. બોન્ડ યીલ્ડ, રૂપિયો, ક્રૂડના ભાવ, લિક્વિડિટી અને ઈક્વિટી વેલ્યૂએશન સામાન્ય થવામાં હજુ સમય લાગે તેવી શક્યતા છે.

અમેરિકામાં વ્યાજદરનો વધારો ભારત સહિતના ઊભરતા રાષ્ટ્રોના ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટ્રસનું રોકાણ પરત ખેંચાઈ જવામાં નિમિત બનતો હોવાથી રોકાણકારો આ પ્રકારના કોઈ પણ ઘટનાક્રમ સામે સાવધ વલણ અપનાવે તેવી શક્યતા છે.પ્રાપ્ત પ્રોવિઝનલ આંકડા અનુસાર ૫ ઓક્ટોબરના રોજ પૂરા થયેલા સપ્તાહે ફોરેન ઈન્સ્ટીટ્યૂશનલ ઈન્વેસ્ટર્સે ૯,૫૨૨.૪૪ કરોડના શેર્સનું વેચાણ કર્યું હતું. વિદેશી ભંડોળના પ્રવાહ ઉપરાંત કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ અને ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટ્સના ડેટા પણ બજારની ચાલ નિર્ધારિત કરશે.ટેકનિકલી નિફ્ટી-૫૦માં આ સપ્તાહે બજાર ઘટાડા તરફી રહેવાની ધારણા છે, તેમ એચડીએફસી સિક્યુરિટીઝના રિટેલ રિસર્ચ હેડ દીપક જસાણીએ જણાવ્યું હતું. એકવાર ૧૦,૨૨૭ની નજીકની ટેકાની સપાટી તૂટ્યા બાદ બજારમાં વધુ ઘટાડાની આશંકા છે. ઉપરમાં ૧૦,૫૪૭ મહત્ત્વની ટેકાની સપાટી છે.

આરબીઆઈએ તેના પોલિસી સ્ટાન્સમાં કરેલા ફેરફાર તેમજ વ્યાજદર યથાવત રાખ્યા હોવા ઉપરાંત રૂપિયાના ઘસારાએ બજારને વધુ નેગેટિવ બનાવ્યું હતું અને સતત પાંચમાં સપ્તાહે શેરબજાર ઘટીને બંધ રહ્યું હતું.ગયા સપ્તાહે સેન્સેક્સ ૧,૮૫૦.૧૫ પોઈન્ટ્સ અથવા ૫.૧૦ ટકાના ધોવાણ સાથે ૩૪,૩૭૬.૯૯ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો જયારે નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી ૬૧૪ પોઈન્ટ્સ અથવા ૫.૧૦ ટકાના ધોવાણ સાથે ૧૦,૩૧૬.૪૫ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો.

## લાંબા ગાળા માટે રોકાણ કરો

# બી પી સી એલ રેલવે બી એસ ઈ એસ એમ ઈ આઈ પી ઓ પૃથ્થકરણ

સૌજન્ય :http://www.chittorgarh.com

- બી.સી.પી.એલ. રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સેગમેન્ટ સાથે સંકળાયેલ છે.
- નાણાકીય વર્ષ ૧૬ માટે તેને ભારે પીછેહઠ થસઈ હતી, પરંતુ ધીમે ધીમે રિકવર થયું હતું.
- તેમની ક્લાયંટ સૂચિમાં ઘણા જાણીતા જાહેર અને ખાનગી કૉર્પોરેટ છે.
- આ ઈસ્યુની કિંમત વાજબી લાગે છે.

**કંપની વિશેઃ**

બીસીસીએલ રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ. (બીસીપીએલ) રેલ્વે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ક્ષેત્રે ૨૫ કે.વી., ૫૦ હેઝ સિંગલ તબક્કા ટ્રેક્શન ઓવરહેડ ઈક્વીપમેન્ટ ડીઝાઈન, ડ્રોઈંગ, સપ્લાય, ઈરેક્શન અને કમિશનિંગ ક્ષેત્રે સંકળાયેલ છે. કંપનીના મુખ્ય ગ્રાહકોમાં ઈસ્ટર્ન રેલવે, સાઉથ ઈસ્ટર્ન રેલવે, સાઉથ ઈસ્ટ સેન્ટ્રલ રેલવે, નોર્થ રેલ્વે, ઈસ્ટ કોસ્ટ રેલ્વે, નોર્થ ફ્રન્ટિયર રેલ્વે, ઈસ્ટ સેન્ટ્રલ રેલવે, રેલવે ઈલેક્ટ્રિફિકેશન (સીઆરઓઆર) ના સેન્ટ્રલ ઓર્ગેનાઈઝેશન જેવા ભારતીય રેલ્વેના વિવિધ ઝોનનો સમાવેશ થાય છે. તેમજ રિલાયન્સ લિમિટેડ, દુર્ગાપુર પ્રોજેક્ટ્સ લિ., એસ્સેલ માઈનિંગ ઈન્ડસ્ટ્રીઝ લિ., અધૂનિક ગ્રુપ, ઉષા માર્ટિન ઈન્ડસ્ટ્રીઝ લિ., જિંદાલ સ્ટીલ એન્ડ પાવર લિમિટેડ, રૂંગટા માઈન્સ, હલ્દિયા એનર્જી લિમિટેડ, ઈલેક્ટ્રોસ્ટેઈલ જેવી મોટી જાહેર અને ખાનગી ક્ષેત્રની અંડરટેકિંગ્સ તેમજ અન્યનો સમાવેશ થાય છે. હાલના જ્યાં કામ નથી થયું તેવા વિસ્તારોમાં કામના વિશાળ અવકાશને ધ્યાનમાં રાખીને કંપનીએ રેલવેના વિદ્યુતીકરણ ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પરિણામે, કંપની મોટાભાગના મોટા, મધ્યમ અને નાના ઈલેક્ટ્રિફિકેશન પ્રોજેક્ટ્સને કાર્યક્ષમ અને સમયસર રીતે અમલમાં મૂકવા માટે તેના સ્રોતોનું નિર્માણ કરવામાં સક્ષમ રહી છે. બી.સી.સી.એલ.એ ઉચ્ચ તકનીકી ક્ષેત્ર, ભારતીય રેલવેના ઓવરહેડ ઈલેક્ટ્રિફિકેશનમાં અને તેના પછીના વર્ષોમાં ઈવેન્ટ્સની શ્રેણી દ્વારા તેના પસંદગીના ક્ષેત્રમાં કાર્યાન્વિત થયેલ છે અને સમર્પણ, ટીમ કાર્ય, પ્રતિબદ્ધતા, શિસ્ત અને ચોક્કસ આયોજન સાથે ઝડપી અને અદભૂત પ્રગતિ કરી અને વ્યૂહરચના, પ્રગતિ અને ગૌરવની નવી ઊંચાઈઓ માપવામાં આવી.

**મૂડીનો ઈતિહાસ અને ઈસ્યુનું માળખું :**

કાર્યકારી મૂડી અને સામાન્ય કોર્પોરેટ ખર્ચ માટેની જરૂરિયાત માટે, આ કંપની મેઈડન આઈપીઓ દ્વારા રૂ. ૧૦ નો એક એવા રૂ. ૪૮૬૦૦૦૦ ઈક્વીટી શેર દીઠ રૂ. ૩૫ ના મુકરર ભાવે ઓફર કરીને રૂ.૧૭.૦૧ કરોડ એકત્રિત કરવા માટે મૂડી બજારમાં આવી રહેલ છે. જાહેર ભરણા માટે આ ઈસ્યુ તા. ૦૫.૧૦.૧૮ના રોજ ખુલી ગયેલ છે અને તા.૧૧.૧૦.૧૮ના રોજ બંધ થશે. ઓછામાં ઓછી અરજી ૪૦૦૦ શેર માટે અને તેના ગુણાંકમાં કરી શકાશે. ફાળવણી પછી તેમના શેર બી એસ ઈ એસ એમ ઈ પર લીસ્ટ થશે. આ ઈસ્યુ ભરાઈ ગયા પછી તેમની મૂડીનો ૨૯.૦૬ ટકા હિસ્સો આપશે. તેમની સંપૂર્ણ ઓફર ૬૬૦૦૦૦ વેચાણ માટેના શેર, નવા ૪૨૦૦૦૦૦ ઈકવીટી માટેની છે. આ ઈસ્યુના લીડ મેનેજર ગ્રેટેક્ષ કોર્પોરેટ સર્વિસીસ પ્રા. લી છે જ્યારે બીગશેર સર્વિસીસ પ્રા. લી. તેના રજીસ્ટ્રાર છે.

શરુઆતમાં ભાવોભાવ શેર આપ્યા પછી, તેઓએ માર્ચ ૨૦૦૩ અને મે ૨૦૦૯ વચ્ચે રૂ. ૫૦ થી રૂ. ૧૦૦ ની રેન્જમાં આપેલ હતા.આ ઉપરાંત તેમણે જુલાઈ ૨૦૦૮ માં ૧૦૦ શેર પર ૩૭૫ શેર તેમ જ ફેબ્રુઆરી ૨૦૧૮ માં એક શેર પર એક શેર બોનસ આપેલ હતું. પ્રમોટર દ્વારા શેર સંપાદનની સરેરાશ કિંમત શેર દીઠ રૂ. ૧.૫૫, રૂ. ૨.૭૯, રૂ. ૩.૩૯, અને રૂ. ૪૪.૫૩ છે.

આ કંપનીની હાલની ભરપાઈ થયેલ મૂડી રૂ. ૧૨.૫૨ કરોડ છે જે આ ઈસ્યુ ભરાયા પછી રૂ. ૧૬.૭૨ કરોડ થશે.

**આર્થિક દેખાવ**

આર્થીક દેખાવને મોરચે આ કંપનીએ છેલ્લા ચાર નાણાકીય વર્ષમાં કુલ આવક /ચોખ્ખો નફો રૂ.૫૫.૫૩ કરોડ / રૂ. ૩.૨૭ કરોડ નાણાકીય વર્ષ ૧૫), રૂ. ૨૫.૭૪ કરોડ / રૂ. ૦.૯૬ કરોડ નાણાકીય વર્ષ ૧૬), રૂ. ૩૪.૯૯ કરોડ / રૂ. ૧.૨૭ કરોડ નાણાકીય વર્ષ ૧૭) અને રૂ. ૫૦.૬૪ કરોડ / રૂ. ૪.૦૫ કરોડ (નાણાકીય વર્ષ ૧૮) દર્શાવેલ છે. ના. વ. ૧૯ માં તા. ૩૧.૮.૧૮ના રોજ પુરા થતા પાંચ માસમાં તેઓએ રૂ. ૨૮.૮૭ કરોડના ટર્નઓવર પર રૂ. ૨.૩૯ કરોડ નફો દર્શાવેલ હતો. ના. વ. ૨૦૧૬ માં કંપનીએ ગંભી પીછેહઠ કરી હતી તે ચીંતા ઉપજાવે છે. જો કે આ પછી તેઓએ ધીરે ધીરે પ્રગતિ કરી છે. છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં તેમણે સરેરાશ શેર દીઠ આવક રૂ. ૩.૪૫ અને સરેરાશ આર ઓ એન ડબલ્યુ ૭.૨૦ ટકા બતાવેલ છે. તા. ૩૧.૩.૧૮ ના એન એ વી રૂ. ૩૧.૬૬ ના આધારે આ ઈસ્યુની કિંમત ૧.૧૦ ના પી/બીવીથી આવે છે. અને આ ઈસ્યુ પછીના એન એ વી રૂ. ૩૨.૫૦ મુજબ ૧.૮ ના પી/બીવીથી આવે છે. જો આપણે ના. વ. ૨૦૧૯ની કમાણીને ધ્યાનમાં લઈએ અને આ ઈસ્યુ પછીના તમામ શેરને આધારે વહેંચીએ તો માગવામાં આવેલ ભાવ લગભગ ૧૦ની આસપાસના પી/ઈ રેશિયોથી આવે છે, જે આ ઈસ્યુને વાજબી ભાવનો બનાવે છે.

તુલનાત્મક સરખામણીઃ

ઓફર ડોક્યુમેન્ટ મુજબ,તેમની સાથે તુલના કરી શકાય તેવી કોઈ લીસ્ટેડ કું. નથી.

**મર્ચંટ બેંકરનો ટ્રેક રેકર્ડ**

મર્ચંટ બેંકના મોરચે, છેલ્લા ત્રણ વર્ષમાં તેમના જુથ દ્વારા આ ૧૭મી કામગીરી છે,પ્રથમ ૧૦ લીસ્ટીગમાં એક ઈસ્યુ ડીસ્કાઉન્ટ ભાવે, ૩ ઈસ્યુ ભાવોભાવ અને બાકીના ૧.૩૨% થી ૮.૦ ટકા પ્રમિયમ સાથે ખુલેલ છે.

**નિષ્કર્ષ / ઈન્વેસ્ટમેંટ સ્ટ્રેટેજી**

આ વાજબી ભાવનો આઈ પીઓ પોસ્ટ લીસ્ટીંગ પછી ફેન્સી જણાશે. લાંબા ગાળા માટે રોકાણ કરવા વીચારી શકાય. પૃથ્થકરણ કરનારની ભલામણ છે કે લાંબા ગાળા માટે અરજી કરો.

## શેર બજાર ઉડતી નજરે



**દિલીપ દાવડા**

## મોટા નુકશાનવાળું સપ્તાહ

# સતત પાંચમા સપ્તાહમાં પણ બજાર નકારાત્મક રહ્યું

બીજી ઓક્ટોબરે ગાંધીજયંતિની રાજાને કારણે ચાર સેશનના આ સપ્તાહમાં શુક્રવારે આરબીઆઈ મોનેટરી પોલિસીના કારણે બજાર ભારે નુકશાનમાં આવી ગયું. આખરે આ એક સળંગ પાંચમું નકારાત્મક સપ્તાહ બન્યું. પ્રથમ સત્ર સિવાય, તેણે નાણાં, બેંકિંગ, ઓઈલ માર્કેટિંગ કંપનીઓમાં સમગ્ર વેચાણની સાથે સ્લાઈડિંગ પેટર્ન બતાવવાનું ચાલુ રાખ્યું. વાસ્તવમાં છેલ્લાં બે સત્રોમાં મેગા ખોટ સાથે ગભરાટનાં સત્રો ચાલુ થયાં. સરકારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કાપ મૂકવાની જાહેરાત કરી હોવા છતાં સરકારે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (ઓએમસી) પર લીટર દીઠ રૂ. ૧નો બોજો નાખી દીધો. બજારના નિષ્ણાતોના જણાવ્યા મુજબ આશરે પેટ્રોલ પ્રોડક્ટના ભાવ ઘટાડાને કારણે રૂ.૧૧૦૦૦ કરોડની રાહત આપવાથી , સરકારે ઓએમસી માટેના ઘટાડાના મૂલ્યોના રૂપમાં ભારે નુકશાન ભોગવ્યું કારણ કે છેલ્લા બે સત્રમા તેમની માર્કેટ કેપ રૂ.૪૫૦૦૦ કરોડ ઘટી હતી. યુ.એસ.દ્વારા ફેડ્સ રેટમાં થયેલા વધારાના અહેવાલોને પગલે દર વધવાની બજાર અપેક્ષાઓ સામે પણ આરબીઆઈએ યથાવત સ્થિતિ જાળવી રાખી છે. વાસ્તવમાં ડોલર સામે રૂપિયાનું નબળાઈકરણ અને ક્રૂડ ઓઈલના ભાવમાં વધારાએ વૈશ્વિક સંવેદના પર એક દબાણ રાખ્યું છે અને તેની ધ્રુજારી અહી પણ લાગે છે.

સોમવારના રોજ સામાન્ય લાભ નોંધાવતા બેન્ચમાર્ક સૂચકાંક સાથે, ઓક્ટોબર મહિનાના પ્રથમ સપ્તાહનું ટ્રેડિંગ મોટી હકારાત્મક નોંધ પર શરૂ થયું. સેન્સેક્સ ૨૯૯ પોઈન્ટ વધીને ૩૬,૫૨૬.૧૪ પર બંધ રહ્યો હતો. નિફ્ટી દિવસના અંતે ૭૭.૮૫ પોઈન્ટ વધીને ૧૧,૦૦૮.૩૦ થયો હતો. નિફ્ટી ૧૧,૦૦૦ થી ઉપરની સપાટીએ બંધ રહ્યો હતો.

આપણાં બધાં જબજારો મંગળવાર, ૨ ઓક્ટોબર ૨૦૧૮ ના રોજ ગાંધી જયંતિને કારણે બંધ રહ્યાં.

બુધવારે ઈન્ડેક્ષ હેવી વેઈટ શેરોમાં ભારે વેચવાલીને કારણે કી બેન્ચમાર્ક ઈન્ડેક્ષમાં ગંભીર નુકશાન થયેલ હતું. એસ એન્ડ પી બી એસ ઈ સેન્સેક્ષ દિવસના અંતે ૫૫૦.૫૧ પોઈન્ટના ઘટાડા સાથે ૩૫,૯૭૫.૬૩ની સપાટીએ બંધ હતો. જયારે નિફ્ટી પણ ૧૫૦.૦૫ના ઘટાડા સાથે ૧૦,૮૫૮.૨૫ પોઈન્ટે બંધ હતો. નિફ્ટી આ પછી સાયકોલીકલ સપાટી ૧૧૦૦૦ નીચે બંધ આવેલ હતો.

ગુરુવારે ભારતીય ઈક્વિટી બેન્ચમાર્ક તૂટી ગયેલ હતા, કારણ કે બ્લુ ચિપ શેરો ભારે વેચાણના દબાણ હેઠળ આવ્યા હતા. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સ ૮૦૬.૪૭ પોઈન્ટ ઘટીને ૩૫,૧૬૯.૧૬ પર બંધ રહ્યો હતો.આ જ દિવસે નિફ્ટી ૩૦૯.૮૫ પોઈન્ટ ઘટીને ૧૦,૫૪૮.૪૦ ની સપાટીએ બંધ રહ્યો હતો. ઓએમસી અને રિલાયન્સ મેગા નુકશાન સાથે વિનાશનું નેતૃત્વ કરે છે. હકીકતમાં રિલાયન્સે પહેલીવાર એક દિવસમાં ૭% થી વધુ ગુમાવેલ હતા.

ઈન્ડેક્સ ભારે વજન ધરાવતા શેરોમાં ભારે વેચવાલીના કારણે શુક્રવારે કી બેંચમાર્ક સૂચકાંક ઘટ્યો હતો. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સ ૭૯૨.૧૭ પોઈન્ટ ઘટીને આ દિવસે ૩૪,૩૭૬.૯૯ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૨૮૨.૮૦ પોઈન્ટ ઘટીને ૧૦,૩૧૬.૪૫ ની સપાટીએ બંધ રહ્યો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) વ્યાજ દરો પર યથાવત પરિસ્થિતિ જાળવી રાખવાને કારણે બપોર પછી ભારે વેચવાલીના દબાણને કારણે સૂચકાંકો નીચે આવેલ હતા.

અઠવાડિયા દરમિયાન ડિવિડન્ડની જાહેરાત દાર્જિલિંગ રોપેવે (૨.૫%) વગેરે દ્વારા કરવામાં આવી હતી.

સપ્તાહ દરમિયાન જે સ્ક્રિપ એક્ષ બોનસમાં પરિણમી તેમાં ફિલ્ટ્રા (૫ માટે ૧), ઝેઈલ (૧ માટે ૨) અને ઝિમ લેબ (૧ માટે ૧) નો સમાવેશ થયો હતો.

અઠવાડિયા જેએમસી પ્રોજેક્ટ એક્ષ સ્પ્લીટ (૧ માટે ૫) થયેલ હતો.

બોનસ ઈસ્યુને ધ્યાનમાં લેવામાટે જીયાઈકોએ તા. ૧૦.૧૦.૧૮ ના રોજ બોર્ડ મીટીંગ બોલાવી છે.

ફર્મ ડોલર (આશરે રૂ. ૭૩.૮૦ ડોલર) અને ક્રૂડ ઓઈલ ૮૫ ડોલર પર બેરલથી વધારે વધ્યું છે. આરબીઆઈની સ્થિતિ ફુગાવો વધારશે અને ડરલ અર્થતંત્ર પન્ટર્સની પસંદગી કરશે. ચાઈના-યુ.એસ. વેપાર યુદ્ધ અને યુકે બ્રેક્સિટ ઈશ્યૂ વૈશ્વિક બજારોની સામાન્ય ભાવના પર હાવી થઈ ગયા છે. હવે આઈઆઈપી ડેટા, આર્થિક અને ફુગાવોનો ડેટા કેન્દ્રમાં રહેશે. બજારના માણસો હવે બીજા ત્રિમાસીક પરિણામની સીઝનના સમર્થનની આશા રાખે છે જે આગામી સપ્તાહથી શરૂ થશે. હંમેશની જેમ આ વખતે પણ બજાર સ્ટોમ સ્પેસિફિક ચાલ બતાવી શરે છે. વહેલી ચૂંટણીઓ માટે બજારમાં અફવાઓ પ્રસરે છે, સામાન્ય જાહેરાતથી, બજાર આગળ જતાં વધારે ચંચળ બનશે.

આ બાબતને ધ્યાને લેતાં એન એસ ઈ નિફ્ટી અને બી એસ ઈ સેન્સેક્ષ અનુક્રમે ૧૦૯૦૦-૯૮૦૦ વચ્ચે ૩૬૦૦૦-૩૩૫૦૦ ઘૂમરાયા કરે.

બંધ થયેલા ઈસ્યુઓ સીલ્ગો માં ૧.૧૭ ગણું, સન રિટેલમાં ૧.૦૫ ગણું, મરીન ઈલેક્ટ્રિક માં ૧.૧૭ ગણું, વિન્ની ઓવરસીસ માં ૧.૫૩ ગણું તો એકેઆઈ માં ૬૪%, શુભમ પોલી માં ૧.૮૭ ગણું, બી એન્ડ બી ત્રિપલ માં ૧૨%, વીરમ ઈન્ફ્રા માં ૬.૪૫%, એસ એમ ગોલ્ડ માં ૦૦% ભરણું આવ્યાના અહેવાલો હતા. જયારે બી એન્ડ બી ત્રિપલનાં ઈસ્યુ માં ૧.૦૪ ગણું અને એકેઆઈ માં ૧.૪૯ ગણું ભરણું આવ્યું હતું જયારે સન રિટેલમાં ૧.૦૫ ગણું, વીરમ ઈન્ફ્રા માં ૬.૬૫%, એસ એમ ગોલ્ડ માં માત્ર ૪૦૦૦ શેરનું અને બીસીપીએલ માં ૫.૧૯% ભરણું આવ્યાના અહેવાલો હતા. વીરમ ઈન્ફ્રા ઈસ્યુને ૧૨ મી ઓક્ટોબર સુધી લંબાવવામાં આવ્યો છે.

# ટોપ-૧૦ કંપનીઓના માર્કેટકેપમાં ૨,૫૫,૯૯૫ કરોડનું ધોવાણ

**શેરબજારની આ મંદીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને સૌથી વધુ નુકસાન વેઠવું પડ્યું**

**એજન્સી દ્વારા નવીદિલ્હી**

વિતેલા સપ્તાહે માર્કેટકેપની દ્રષ્ટિએ સેન્સેક્સની ટોપ-૧૦ કંપનીઓના સંયુક્ત માર્કેટકેપમાં ૨,૫૫,૯૯૫ કરોડનું જંગી ધોવાણ થયું હતું. શેરબજારની આ મંદીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને સૌથી વધુ નુકસાન વેઠવું પડ્યું હતું.વિતેલા સપ્તાહે સેન્સેક્સ ૧,૮૫૦.૧૫ પોઈન્ટ્સના તોતિંગ કડાકા સાથે ૩૪,૩૭૬.૯૯ પોઈન્ટ્સની સપાટીએ બંધ રહ્યો હતો.સેન્સેક્સની ટોપ-૧૦ કંપનીઓમાંથી રિલાયન્સનું માર્કેટકેપ ૧,૩૨,૦૬૧.૪ કરોડ ગગડીને ૬,૬૫,૪૪૧.૧૬ કરોડ નોંધાયું હતું. ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસનું માર્કેટકેપ ૩૧,૧૬૪.૬ કરોડના ઘટાડા સાથે ૮,૦૫,૧૮૭.૬૫ કરોડ થયું હતું જયારે આઈટીસીનું માર્કેટકેપ ૨૩,૯૩૨.૯૪ કરોડના નુકસાન સાથે ૩,૩૯,૨૮૪.૬૭ કરોડ નોંધાયું હતું.કોટક મહિન્દ્રા બેંકનું માર્કેટકેપ પણ ૧૭,૦૯૧.૭૨ કરોડ ઘટી ૨,૦૦,૮૭૪.૨૮ કરોડ અને મારુતિ સુઝુકી ઈન્ડિયાનું માર્કેટકેપ ૧૩,૮૨૧.૬૭ કરોડના ઘટાડા સાથે ૨,૦૮,૨૨૩.૭૯ કરોડ થયું હતું.એચડીએફસી બેંકનું માર્કેટકેપ ૧૧,૬૨૯.૫૧ કરોડ ઘટીને ૫,૩૩,૩૪૦.૯૩ કરોડ જયારે હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડનું માર્કેટકેપ ૧૦,૪૩૩.૬૧ કરોડના ધોવાણ સાથે ૩,૩૭,૫૬૬.૧૮ કરોડ નોંધાયું હતું.સમીક્ષા હેઠળના ગાળામાં એચડીએફસીનું માર્કેટકેપ ૬,૮૧૨.૮૯ કરોડ ગગડીને ૨,૯૦,૫૨૦.૧૯ કરોડ અને એસબીઆઈનું માર્કેટકેપ ૬,૪૨૫.૭ કરોડના ઘટાડા સાથે ૨,૩૦,૦૭૫.૮૭ કરોડ નોંધાયું હતું.ઈન્ફોસિસનું માર્કેટકેપ ૨,૬૨૧.૦૩ કરોડ ઘટી ૩,૧૫,૩૩૧.૭૩ કરોડ નોંધાયું હતું.આ સાથે માર્કેટકેપની દ્રષ્ટિએ સેન્સેક્સની ટોપ-૧૦ કંપનીઓમાં ટીસીએસે ટોચનું સ્થાન જાળવી રાખ્યું હતું. ત્યારબાદ અનુક્રમે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક, આઈટીસી, એચયુએલ, ઈન્ફોસિસ, એચડીએફસી, એસબીઆઈ, મારુતિ અને કોટક મહિન્દ્રા બેંકનું સ્થાન આવે છે.

# ફિલ્મ "જબરિયા જોડી"માં જાવેદ જાફરી સિદ્ધાર્થ મલ્હોત્રાના પિતાની ભૂમિકા ભજવશે




સિદ્ધાર્થ મલ્હોત્રા અને પરિણીતી ચોપરા ટૂંક સમયમાં જ ફરી એકવાર સાથે દેખાશે. 'હંસી તો ફસી' ફિલ્મમાં સાથે દેખાઈ ચૂકેલી આ જોડી હવે બની ગઈ છે 'જબરિયા જોડી'.

સિદ્ધાર્થ અને પરિણીતીની અપકમિંગ ફિલ્મ 'જબરિયા જોડી'નું શૂટિંગ લખનઉમાં શરૂ થઈ ચૂક્યુ છે. આ ફિલ્મથી જાવેદ જાફરી ફરી એકવાર સિલ્વર સ્ક્રીન પર કમબેક કરી રહ્યા છે. ફિલ્મ જબરિયા જોડીમાં જાવેદ જાફરી સિદ્ધાર્થ મલ્હોત્રાના પિતાની ભૂમિકામાં દેખાશે.

પોતાના રોલ વિશે વાત કરતા જાવેદ જાફરીએ કહ્યું,'ફિલ્મમાં મારું પાત્ર બિહારના એક ગેન્ગસ્ટરનું છે. આ એક ખૂબ જ રસપ્રદ, વાસ્તવિક અને મસ્ત કેરેક્ટર છે, જેનો સ્ટોરીમાં પણ મહ્તવનો ભાગ છે.'

પિતાના રોલ સ્વીકારવા અંગે જાવેદ જાફરીનું કહેવું છે કે, 'મોટી સ્ક્રીન પર પિતાનો રોલ સ્વીકારતા સમયે મને કોઈ શંકા નહોતી, મારું માનવું છે કે આ કંઈક નવું કરવાનો સમય છે.'

એક્તા કપૂર, શૈલષ આર સિંહના પ્રોડક્શનમાં બની રહેલી 'જબરિયા જોડી'ની સ્ટોરી બિહારમાં સ્થિત એક એવા વ્યક્તિની છે, જે પોતાના બાળપણના પ્રેમ પરિણીતી સાથે મળીને વરરાજાના અપહરણનો ધંધો કરે છે.

આ ફિલ્મ સાથે પ્રશાંતસિંહ ડિરેક્ટશનમાં ડેબ્યુ કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે બાલાજી મોશન પિક્ચર્સ અને શૈલેષ સિંહની કર્મા મીડિયા નેટ બેનર અંતર્ગત બની રહેલી આ ફિલ્મ આગામી વર્ષે રિલીઝ થશે.

# આઈપીએલ સ્પર્ધામાં સટ્ટાખોરીને કાયદેસર બનાવવી જોઈએઃ પ્રીતિ ઝીન્ટા

**પ્રીતિએ કહ્યું છે કે સટ્ટાખોરીને કાયદેસર કરી દેવાથી સરકાર માટે આવકનું નવું સાધન પણ ઊભું થશે**

**એજન્સી દ્વારા મુંબઈ**

બોલીવૂડ અભિનેત્રી અને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ક્રિકેટ સ્પર્ધામાં કિંગ્સ ઈલેવન પંજાબ ટીમની સહ-માલિકણ પ્રીતિ ઝીન્ટાએ કહ્યું છે કે સરકારે આ સ્પર્ધામાં સટ્ટાખોરીને કાયદેસર કરી દેવી જોઈએ.

પ્રીતિએ કહ્યું છે કે સટ્ટાખોરીને કાયદેસર કરી દેવાથી સરકાર માટે આવકનું નવું સાધન પણ ઊભું થશે.પ્રીતિએ વધુમાં કહ્યું છે કે બેટીંગને કાયદેસર કરી દેવાથી આ સ્પર્ધામાં છવાયેલા ભ્રષ્ટાચારને રોકવામાં સરકારને મદદ પણ મળશે.

ઉલ્લેખનીય છે કે ૨૦૧૩માં, આઈપીએલ સ્પર્ધામાં સટ્ટાખોરી કૌભાંડ બહાર આવતા ખળભળાટ મચી ગયો હતો.આઈપીએલ માત્ર ભારતમાં જ નહીં, દુનિયાભરમાં



સૌથી લોકપ્રિય ટી૨૦ લીગ સ્પર્ધા ગણાય છે.બેટીંગ (સટ્ટાખોરી) સહિતના અનેક વિવાદોને કારણે આઈપીએલ બહુ બદનામ પણ થઈ છે. ગયા વર્ષે, બોલીવૂડ એક્ટર અને નિર્માતા અરબાઝ ખાને કબૂલ કર્યું હતું કે આઈપીએલની મેચોમાં એણે સટ્ટો રમ્યો હતો અને રૂ. ૨.૮૦ કરોડની રકમ ગુમાવી હતી. પોલીસે એની પૂછપરછ પણ કરી હતી.

ISO 9001:2015 CERTIFIED

ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ

Stock Market Trading Consultancy

www.nikhilbhatt.in



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

**સમીક્ષા સમય : ૦૮.૧૦.૨૦૧૮ થી ૧૨.૧૦.૨૦૧૮**

**નિફ્ટી ફ્યુચર સાપ્તાહિક રેન્જ ૧૦૧૬૦ થી ૧૦૩૬૦ પોઈન્ટ ધ્યાને લેશો.....!!**

- **નિફ્ટી ફ્યુચર બંધ :- ( ૧૦૨૯૩ )** :-
  આગામી વધઘટે સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૧૬૦ પોઈન્ટના પ્રથમ અને ૧૧૦૭૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડિંગ સંદર્ભે ૧૦૩૧૯ પોઈન્ટથી ૧૦૩૪૩ પોઈન્ટ, ૧૦૩૬૦ પોઈન્ટની અતિ મહત્વની નીચી સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૩૬૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!
- **બેંક નિફ્ટી ફ્યુચર બંધ :- ( ૨૪૩૬૪ )** :-
  આગામી વધઘટે સંભવિત બેંક નિફ્ટી ફ્યુચર ૨૪૨૪૦ પોઈન્ટના પ્રથમ અને ૨૪૦૨૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસ ટ્રેડિંગ સંદર્ભે ૨૪૪૧૪ પોઈન્ટથી ૨૪૫૦૫ પોઈન્ટ, ૨૪૫૭૫ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૫૭૫ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

**હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....**

૧) **રામકે ઈન્ફ્રા ( ૧૪૫ )** :- ઈન્ફ્રા ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૩૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૩૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૫૭ થી રૂ.૧૬૪ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૬૪ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

૨) **ધામપુર સુગર ( ૧૨૫ )** :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૧૩ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૦૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૩૬ થી રૂ.૧૪૨ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

૩) **કાલ્ટે પાટિલ ( ૨૨૬ )** :- રૂ.૨૧૧ નો પ્રથમ તેમજ રૂ.૨૦૨ ના બીજા સપોર્ટથી સાપ્તાહિક ટ્રેડીંગલક્ષી આ સ્ટોક રૂ.૨૪૨ થી રૂ.૨૫૦ સુધીની તેજી તરફી રુખ નોંધાવશે ....!!!

૪) **RPP RL£k ( ૧૪૦ )** :- ઈન્ફ્રા સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૫૬ થી રૂ.૧૬૭ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૨૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) **ઓરબિટ એકપોર્ટ ( ૧૩૭ )** :- રૂ.૧૨૬ નો પ્રથમ તેમજ રૂ.૧૧૯ ના સ્ટોગ સપોર્ટથી ટેક્ષટાઈલ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક ટૂંકાગાળે રૂ.૧૫૧ થી રૂ.૧૬૦ સુધીના ભાવની સપાટી સ્પર્શી શકે તેવી શક્યતા....!!!

૬) **ગતિ લિમિટેડ ( ૮૦ )** :- સ્થાનિક ફંડોની લેવાલીની શક્યતાએ આ સ્ટોકમાં રૂ.૭૬ આસપાસના સપોર્ટથી ડિલેવરીબેઈઝ રોકાણ રૂ.૮૮ થી રૂ.૯૩ ના ભાવની સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!

૭) **ઉતમ સુગર ( ૧૦૧ )** :- આ સ્ક્રીપમાં નજીકનો પ્રથમ રૂ.૮૮ ના સ્ટ્રોંગ સ્ટોપલોસે સાપ્તાહિક અંદાજીત રૂ.૧૧૪ થી રૂ.૧૨૫ ના સંભવિત ભાવની શક્યતા છે...!!

૮) **ઝુઆરી ગ્લોબલ ( ૧૦૫ )** :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફર્ટિલાઈઝર સેક્ટરનો આ સ્ટોક રૂ.૯૭ આસપાસ રોકાણકારે રૂ.૧૧૨ થી રૂ.૧૨૩ ના ટાર્ગેટ ભાવની શક્યતાએ તબક્કાવાર રોકાણ કરવું. ટુંકાગાળે રૂ.૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!

